Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ • અંક : ૩૫ • તા. ૩૧ ઑગસ્ટ થી ૦૬ સપ્ટેમ્બર ૨૦૧૫ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

# ગુણાંજલી...ભાવાંજલી...

## શેઠશ્રી ભવાનજી નરસી ભોજરાજ છેડા

### સુથરી - કચ્છ, જુહુ - મુંબઈ



ફૂલ ખીલીને કરમાય છે,
પણ જગતને સુવાસ અર્પીને...
સૂર્ય ઉગીને અસ્ત થાય છે,
પણ જગતને પ્રકાશ અર્પીને...
ધૂપસળી બળીને ખાખ થાય છે,
પણ જગતને સુગંધ અર્પીને...

તેમજ ભવાનજીભાઇ જેમનો કોઇ મુલ્ય ન થઇ શકે, એવા અમુલ્ય અમારા રાજપિતા આપણી વચ્ચે નથી રહ્યા, પણ આપણા બધાના હૈયામાં અમર છે અને અમર રહેશે. આપશ્રીએ જન્મીને વિદાય લીધી પણ ગુણ પરિમલ પ્રસરાવીને સુખને કદી છલકાવ્યું નહીં, આપનો માયાળુ, ઉદાર અને લાગણીભર્યો સ્વભાવ, વ્યવહારકુશળતા સર્વે પ્રત્યે સદ્ભાવના, ધર્મ પ્રત્યે ઉંડી લાગણી આદિ અનેક ગુણોથી ઓપતું આપનું વ્યક્તિત્વ વિસરાય તેમ નથી. આપની ઇચ્છા મુજબ આપના જીવનમાં આપે અનેક સુકૃતો કર્યા, જિનપ્રતિમાઓ ભરાવી, દરેકે દરેક પ્રસંગોમાં આપ દાતા રહી સમગ્ર સમાજમાં આપનું નામ ઉત્કૃષ્ટ કર્યું. કોઇપણ નાત-જાતના ભેદભાવ વગર સદૈવ કોઇપણ માટે કોઇપણ કાર્ય કરવા તૈયાર એવા ભવાનજીભાઇ આજે આપણી વચ્ચે નથી. પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને ચિર શાંતિ બક્ષે તેવી પ્રભુને પ્રાર્થના. એમના કુટુંબીજનો પર આવી પડેલ આઘાતને સહન કરવાની શક્તિ આપે એવી અભ્યર્થના.

**લી.**

શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી
અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ મુંબઈ
શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ જૈન દેરાસર અને
સાધારણ ફંડ, સુથરી
શ્રી સુથરી જૈન સંઘ
શ્રી ક. દ. ઓ. જૈન મહાજન, સુથરી
શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ
શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજન, તેરા
શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજન, સાંયરા
શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજન, સાંધાણ
શ્રી કચ્છ સુથરી વેલ્ફેર ફંડ
શ્રી સુથરી પાંજરપોળ
શ્રી સુથરી હાઈસ્કુલ
સોનથરી ગ્રુપ અને સોનથરી લેડીઝ વીંગ
શ્રી સુથરી વૈષ્ણવ સમાજ
શ્રી સુથરી મુસ્લિમ સમાજ

# *In memoriam*



## KAUSHIK NAVINCHAND SONAWALA

**Visited earth - 15-12-1970 to 02-09-2014**

**Those we love don't go away,**
**They walk beside us every day;**
**Unseen, Unheard, but always near,**
**Still loved, still missed and very dear.**

**Always a smile**
**Thoughtful beyond measure**
**You left us a memory**
**we are so proud to treasure.**

**May your soul rest in peace in Heaven.**

**Fondly remembered by**

**MOTHER - MADHURI NAVINCHAND SONAWALA**
**WIFE - DEEPA KAUSHIK SONAWALA**
**SON - BHAVYA KAUSHIK SONAWALA**

| | | | |
|---|---|---|---|
| BROTHER | - PREET NAVINCHAND SONAWALA | BHABHI | - RADHA PREET SONAWALA |
| SISTER | - KIRTIDA BHARAT MEKANI | BROTHER IN LAW | - BHARAT NANALAL MEKANI |
| SISTER | - KETNA RAJENDRA SHAH | BROTHER IN LAW | - RAJENDRA HIRJI SHAH |
| SISTER | - NIRAL PRADIP KHONA | BROTHER IN LAW | - PRADIP SOMCHAND KHONA |
| NIECES | - SHEFALI, NEHA | NEPHEW | - VINAY |

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 35/2015**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

## કે.ડી.ઓ. ગ્લોબલ સમીટ ઓન આઈટી એન્ડ એમરજીંગ બિજનેશ એટલે ફરી વખત આગોતરું ભવિષ્ય દર્શન કરી આગળ રહેવાનો પુરુષાર્થ

જાન્યુઆરી ૨૦૧૬માં બેંગલોર ખાતે યોજાનારા કે.ડી.ઓ. ગ્લોબલ સમીટ ઓન આઈટી એન્ડ એમરજીંગ બિજનેશનો તખ્તો ગોઠવાઈ ગયો છે. મુખ્ય જવાબદારી તે બેંગલોર શહેરમાં યોજાવાનું છે તેથી ત્યાંના મહાજને લીધી છે અને તેને મુંબઈ - ચેન્નઈ - હૈદરાબાદ આદિ શહેરોના ક.દ.ઓ. મહાજનો તથા પુનાના કે.ડી.ઓ. વેલફેર ટ્રસ્ટનો પણ સાથ પ્રાપ્ત થયો છે. તે એક શુભ શરૂઆત છે.

ખુશીની વાત એ છે કે તેનાં સંભવિત સહભાગીઓએ આયોજકોનો સંપર્ક સાધીને તેમાં શું શું પ્રવૃત્તિ થવાની છે એ જાણી લીધું છે, એટલું જ નહીં એ ૩૦ કલાકોમાંથી વધુમાં વધુ મેળવવા માટે પોતાના સૂચનો પણ આપી દીધા છે.

આ આયોજન જ્ઞાતિ સંસ્થાઓ દ્વારા થતા સામાન્ય આયોજનથી અલગ છે. તે પૂર્ણપણે પ્રોફેશનલ રૂપે યોજાશે.

જ્ઞાતિ માટે રસ પડે તેવી વાત એ છે કે આમ આયોજકો જ નહીં તેના સંભવિત સહભાગીઓ પણ તે આયોજન પાસેથી ઓછામાં ઓછા આટલી આશા રાખી રહ્યા છે :

૧) જ્ઞાતિની ભવિષ્યલક્ષી વિચારણા કરતી પ્રતિભાઓ એક બીજાનો પરિચય કેળવી અન્યો ખાસ કરીને આશાસ્પદ યુવાનોના આગળ વધવા માટેનો મંચ ઊભો કરે.

૨) જ્ઞાતિજનોને જોડી રાખવા માટે વસતિપત્રક સમિતિએ વસાવેલા અતિ આધુનિક તંત્રનો પૂરી ક્ષમતામાં ઉપયોગ થાય (અત્યારે માત્ર મરણ ખબર અને ક્યારેક કાર્યક્રમોની જાણ કરવા માટે જ તે વપરાય છે.)

૩) કારકિર્દીનો પ્રારંભ કરી રહેલ કે.ડી.ઓ. પ્રતિભાઓને પ્રારંભિક સંઘર્ષ ન જેવો જ કરવો પડે. તેમને સારું સ્થાન-માન અને આવક મેળવવા ફાંફા ન મારવા પડે. જ્ઞાતિની પ્રતિભાઓએ શરૂ કરેલ મંચ જ તેમને તે તક આપવા સક્ષમ હોય.

૪) જ્ઞાતિ સંસ્થાઓના વહીવટમાં ટેક્નોલોજીનો ઉપયોગ વધારી માનદ સેવાની પ્રથાને તિલાંજલિ આપવી. માનદ સેવા કરનારા માત્ર નીતિવિષયક નિર્ણયો લે, બાકીનું એ અનુસારનું બધું કામ પગારદારો ટેક્નોલોજીની મદદથી કરતા હોય જેથી સેવાનો વ્યાપ અને ગુણવત્તા બને સુધારી-વધારી શકાય.

ઈન્ફરમેશન ટેક્નોલોજી જીવનના બધા પાસાંઓને આવરી લેવા લાગી અને રોજિંદા જીવનનો ભાગ બની એની શરૂઆત આશરે ૩૦ વર્ષ પહેલાં થઈ હશે. તે વખતથી વિવિધ સમુદાયના લોકો પોતાના ઓછી અનુકુળતાવાળા બાળકો-કિશોરો-યુવનો પણ કૉમ્પ્યુટર શીખે અને પ્રગતિ કરે તે માટે પ્રયત્નો કરી રહ્યા છે.

સામાજિક સંસ્થાઓમાં પણ અમુક અંશે કૉમ્પ્યુટર દ્વારા દાન દેનારા-લેનારાની નોંધ રાખવી કે હિસાબો લખવા વગેરે કામો થઈ રહ્યા છે.

પણ આ આયોજનની સફળતા પછી કચ્છી દશા ઓશવાલ ઈન્ફરમેશન ટેક્નોલોજીને પોતાના ઉજ્જવળ ભવિષ્યનો પાયો બનાવનાર પ્રથમ સમુદાય બનશે.

અલબત્ત, આ આશાવાદ શરતોને આધિન છે. અહીં સેવેલા સ્વપ્નો ત્યારે જ સાકાર થશે કે જો બેંગલોરના હોલમાં થનાર ગતિવિધિઓના પડઘા ઈન્ફરમેશન ટેક્નોલોજી દ્વારા જ જ્ઞાતિના ઘર ઘરમાં પડઘાય.

બીજી એટલીજ મહત્વની વાત એ છે કે આ ટેક્નોલોજીથી, તેની વર્તમાન અને ભાવિ ક્ષમતાથી અપરિચિત આગેવાનો જેમને આજે સુમદાયવતી મહત્વના નિર્ણયો લેવાનો અધિકાર તેમના પર જ્ઞાતિના વિશ્વાસ અને પદને આધારે મળ્યો છે, તેઓ બદલાતા સમયને સમજી આ ટેક્નોલોજી તથા તેની ક્ષમતાથી પરિચિત આગેવાનોને અગ્રતા ન આપે તો કાંઈ નહીં પણ અનુકુળતા જરૂર કરી આપે. અન્યથા નવા વાતાવરણ... નવી તકોનો પૂરો-પૂરતો લાભ નહીં લઈ શકાય એટલું જ નહીં ભાવિ પેઢી સાથે એટલું અંતર નિર્માણ થશે કે નવી પેઢી આગળ પેઢીને આદરની અધિકારી નહીં માને અને તે વાત પોતે એક મોટી સામાજિક સમસ્યા સમાન હશે.

ક.દ.ઓ. જૈન જ્ઞાતિની વ્યક્તિએ ઈ.સ. ૧૭૮૫-૯૦ની આસપાસ મુંબઈમાં પગ મૂક્યો અને ૧૮૨૫ થી ૧૯૫૦ સુધી સતત આર્થિક પ્રગતિ માણી તેનું મહત્વનું કારણ એ હતું કે છેક ઈ.સ. ૧૯૫૦ સુધી જ્ઞાતિ નવી નવી વસ્તુઓ સમજવા તથા તેને અપનાવવામાં આગળ હતી.

ઈ.સ. ૧૯૫૦ પછી એવા સ્થિતિ નિર્માણ થઈ છે કે જાણે જ્ઞાતિએ પહેલકર્તા બનવાનું સાહસ અને ભવિષ્યલક્ષી દૃષ્ટિ બન્ને ગુમાવી દીધા હોય. આવા ઘેરા અંધકારવાળા વાતાવરણમાં કે.ડી.ઓ. ગ્લોબલ સમીટ નવું - ભવિષ્યલક્ષી આશાનું કિરણ લાવે છે.

ભવિષ્યને સમજવા તથા ઉજ્જવળ ભવિષ્યને સાકાર કરવાની ક્ષમતા-સજ્જતા કેળવવા માટેના આયોજનને સાદર બેસ્ટ ઓફ લક ! શુભેચ્છા ! **- ચંદ્રસેન મોમાયા**


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા


**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરૂં સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખીમોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at per at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at per મુંબઈ હોવો જોઈએ.




## મેડીકલ કેમ્પ માટે સહકાર આપનારાઓની સેવાભાવના

શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ દ્વારા આયોજીત વિના મૂલ્ય ચેક અપ કેમ્પ રાખવામાં આવેલ. આ કેમ્પ સુરાણા હૉસ્પિટલના સહકાર્યથી રાખવામાં આવેલ.

જેની માટે ચંદ્રેશ સોમચંદ ડાઘા, વાશી પોતાની ઓળખાણથી જ્ઞાતિજનો માટે વિના મૂલ્ય ચેક અપની વ્યવસ્થા કરી આપી અને ટ્રસ્ટ ને ખર્ચથી રાહત આપી. ડૉ. સચિન જૈન (orthopedic) અને ડૉ. હસમુખ જૈન (thyroid) અમૂલ્ય માર્ગદર્શન આપેલ સાથેજ દર્દીયો ના સવાલો નો સમાધાન કરેલ. મસ્જિદ બંદર સંઘના કાર્યકર્તાઓ ન તો ભુલી ન શકાય અમને કરેલ સહકાર વિના તો આ કેમ્પ શક્ય નહોતો. સાથે ચૌવિહાર હાઉસ મસ્જિદ બંદર એ કેમ્પ કર્તાઓ માટે નવકારશી અને જમવાની વિના મૂલ્ય વ્યવસ્થા કરેલ.

આવા સાથ સહકારના લીધે આવા કાર્ય સફળ થયું. શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ વતી ચંદ્રેશ સોમચંદ ડાઘા, મસ્જિદ બંદર જૈન સંઘ અને ચૌવિહાર હાઉસના પ્રમુખ શ્રી હર્ષદભાઈ માટે ઝુકી તો જવાય ને

લી. **પ્રમુખ, શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ**


**જિંદગીના અઘરામાં અઘરા પ્રશ્નોનું સરળ, સચોટ અને સંતોષદાયક નિરાકરણ**

જીવનનો મૂળ હેતુ જીવન નિર્વાહ અને આનંદ છે પણ આપણે સંબંધ, સંપત્તિ કે તંદુરસ્તી બાબત દુ:ખનો અનુભવ કરતા હોઇએ છીએ અને એમાંથી બહાર નીકળવા માટે અન્ય સહારો શોધવાના ફાંફા મારીએ છીએ. તમારા દરેક પ્રશ્નના ઉત્તર તમારે જાતે મેળવવા હોય તો ...

વધુ વિગત જાણવા અને સમજવા તથા
પોતાને પગભર થવા.
સંપર્ક :

**રૂપલ શાહ - 98339 96477**

કાઉન્સીલર, માઇન્ડ પ્રોગ્રામર, એસ્ટ્રોલોજર, ટેરો કાર્ડ રીડર, ગ્રાફોલોજીસ્ટ, હેન્ડ રાઈટીંગ એક્ષ્પર્ટ, સિગ્નેચર એનાલીસ્ટ ...

તા. ક.: ૬ સેશનમાં ટેરો કાર્ડ શીખો અને નિષ્કર્ષ કે નિર્ણય પર તમારી જાતે પ્હોચો (ગેરન્ટી સાથે).

|| શ્રી શાંતિનાથાય નમો નમઃ ||

# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ – મુંબઈ

૨૦૧, મેરાથોન મેક્સિમા, એલ. બી. એસ. માર્ગ, મુલુંડ (વેસ્ટ), મુંબઇ – ૪૦૦ ૦૮૦.



## પંથ... પ્રકાશ... પરિવર્તન...

**: સંમેલન દિન :**
**શનિવાર, તા. ૨૬-૯-૧૫**
બપોરના ૨.૩૦ કલાકે

**: સ્થળ :**
શેઠશ્રી નરશી નાથા સભાગૃહ
A/C હોલ, ભાંડુપ (વે)

# સ્નેહબંધન સંમેલન

આત્મીય સ્વજનશ્રી,

આજે સમાજમાં જો કોઇ સળગતો પ્રશ્ન હોય તો તે છે સંતાનો માટે યોગ્ય પાત્રની પસંદગીનો.... સગપણનો....! આર્થિક અને સામાજીક રીતે સુખી સંપન્ન પરિવારોમાં પણ દીકરા-દીકરી ૨૫ થી ૩૫ વર્ષના અપરિણીત હોય એ માવતર માટે તે ચિંતાનો વિષય નથી?? આપને નથી લાગતું કે આપણું અપેક્ષાઓનું આકાશ વધારે મોટું છે...? આપણે ક્યાંક થોડું કોમ્પ્રોમાઇઝ કરીએ અને હજી વધારે મોડું થાય એ પહેલા પોઝીટીવલી વિચારી આગળ વધવું પડશે...વડીલો જાગો... સંતાનો સમજો....

સમય વર્તે સાવધાન નહી થવાય અને હજી ઉંમર નાની છે... હજી વાર છે... હજી તો ભણે છે.. હજી તો કેરીયર બનાવવાનું બાકી છે. પણ શું... ૨૩/૨૪/૨૫/૨૮/૩૨ વર્ષની ઉંમર થઇ ગઇ...હજી કેટલી વાર...?

આવા વિચારોમાં જો આ બાબતે માવતર દુર્લક્ષ સેવતા રહેશો અને વિલંબ કરશો તો પાછળથી કદાચ એવા સંજોગો આવશે અને કદાચ આપણે જ્ઞાતિ- સમાજ બહારના વેવાઇ/સંબંધીને અપનાવવું પડશે અને પછી પસ્તાવા સિવાય બીજું કાંઇ શેષ નહીં રહે...આપણે સર્વ જાણીએ છીએ હમણા આંતરજ્ઞાતીય લગ્નો કેટલા વધી ગયા છે.

**હેતુ માત્ર યોગ્ય પાત્રની પસંદગી... અને તે પણ આપણી જ્ઞાતિમાંથી જ...**

આપને કોઇ નિર્ણય બંધનકર્તા નથી. આપ પરસ્પર એકમેક ને સમજો... મોકળા મને વિચાર-વિનિમય તથા સંપુર્ણ તપાસ કરીને જ આગળ વધો. **જરૂર છે માત્ર સોચ બદલવાની ... કારણ કે**

'સોચ કો બદલો સિતારે બદલ જાયેંગે, નજર કો બદલો નઝારે બદલ જાયેંગે ||

સમય પ્રમાણે સહુએ ચાલવું જોઇએ....

વક્ત કો જીસને નહીં સમજા, ઉસે મિટના પડા હૈ...

ચાહે કિતની ભી કઠિન ઔર મંઝિલ હો, મગર હર ચટાન કો નદી કી ધારા સે હટના પડા હૈ.....

**માવતરો જાગો.... યુવાનો જાગો... આગળ આવો અને**
**આપણે આપણા સબંધી /વેવાઈ... યોગ્ય પાત્ર આપણી જ્ઞાતિમાંથી જ મેળવીએ...**

હમણાં સુધી ભણેલા-ગણેલા ડોક્ટર, વકીલ, એન્જીનીયર, સી.એ. અને પ્રોફેશનલ ઘણા ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે, અને આ સંમેલનમાં ભાગ લઇ રહ્યા છે. તમે પણ આગળ આવી 'સ્નેહબંધન સંમેલન' માં જોડાવો...

**ચાલો, કોઈક નવું પરિવર્તન લાવીએ....નવા સુર્યોદયનું સ્વાગત કરીએ...**
**આપણે જન-જનને જોડતો સેતુ બનીએ..જેથી જિન-વર રાજી રહેશે...||**

**ચાલો, આપણે સૌ આપણી જ્ઞાતિના સગપણ સંમેલન ૨૦૧૫ માં જોડાઈએ અને**

# RIGHT MATCH મેળવીએ....

**લિ. શ્રી શાંતિ જિન જૈન જાગૃતિ ગ્રુપ – મુંબઈ : જયેશ જૈન** (પ્રમુખ)

સંપર્ક : ગોવિંદજી પટેલ (૯૮૨૦૫૪૦૯૪૯), કિરણ દંડ (૯૮૩૩૮૦૮૨૪૪), વિરેન્દ્ર લોડાયા (૯૮૨૧૦૭૩૮૩૦), પ્રબોધ મુનવર (૯૯૨૫૧૬૯૮૭૬)

# દ્રૌપદી : સ્વયંને શોધવા નીકળેલી સ્ત્રીની કથા...




શ્રીકૃષ્ણનું આગમન દ્રુપદની રાજ્યસભા માટે ઐતિહાસિક પ્રસંગ બની રહ્યું. મારા પિતા અને ભ્રાતાની ભીતર જે ઉદ્વેગ હતો તે એમના આગમન માત્રથી જાણે શાંત થઈ ગયો.

મેં કૃષ્ણને પ્રણામ કર્યાં. એમણે મારા મસ્તિષ્ક પર હાથ મૂક્યો.

''દેવી, હું તમારા લલાટ પર અખંડ સૌભાગ્યનું ચિન્હ જોઈ રહ્યો છું. આર્યાવર્તની ભાગ્યલક્ષ્મી બનવા જ તમારું અવતરણ થયું છે. આ સૌંદર્ય અલૌકિક છે. પૃથ્વી પટે આવું સૌંદર્ય અજોડ છે. આ કેશરાશિમાં સૂર્યને ઢાંકવાની શક્તિ છે. આ ચક્ષુઓમાં ચંદ્રની શીતળતા, વદન પર દૈવી તેજ છે. તમે સ્ત્રી નહીં, પૃથ્વી પર અવતરેલું સાક્ષાત મૂર્તિમંત સૌંદર્ય છો.''

''પ્રભુ મને એની જ ચિંતા છે.'' મારા પિતાથી રહેવાયું નહીં, ''એના સૌંદર્યને કારણે જ મારા રાજ્ય પર વિઘ્ન આવ્યું છે. સર્વે રાજપુત્રો અને રાજાઓ એ સાથે વિવાહ કરવા માગે છે. મારી પુત્રી એક જ છે. કોઈ પણ એકને સોંપીશ તો અન્ય સર્વે મારા પ્રાણ લેશે.''

''આટલો બધો ભય?'' શ્રીકૃષ્ણના સ્મિતમાં કોઈ રહસ્ય હતું, ''સૌંદર્ય તો પૂજનીય છે, ભયજનક નથી.''

''પ્રભુ, આપ તો જરાસંઘને જાણો છો. દુર્યોધન અને શકુનિ પણ આપથી અજાણ્યા નથી, શિશુપાળ પણ તાકમાં બેઠો છે...''

'એમાંના કોઈ આ સાક્ષાત્ લક્ષ્મીને વરવા યોગ્ય નથી.''

''તો શું કરું પ્રભુ ?''

'સ્વયંવર.''

''સ્વયંવર !'' મારા પિતા આશ્ચર્યચકિત થઈ ગયા.

''હા, એવી આકરી શરત સાથેનો સ્વયંવર, જેમાં માત્ર ઉત્તમ બાણાવાવળી જ જીતી શકે.''

''પરંતુ પાંડુપુત્રો તો...'' મારા પિતાનું મસ્તિષ્ક ઢળી ગયું. મેં આશ્ચર્યથી કૃષ્ણ સામે જોયું એમના મુખ પર હજીયે સ્મિત હતું. મારાથી રહેવાયું નહીં.

''શું થયું છે પાંડુપુત્રોને ?'' મેં ધીમેથી નિમિલિત નેત્રે પૂછી નાખ્યું. સભામાં સૌનાં મુખ મ્લાન થઈ ગયાં.

મને આશ્ચર્ય થયું. પાંડવકુમારોનાં નામ આવતાં જ સામાન્યતઃ સૌ ઉત્તેજિત થઈ ચર્ચા કરતા. આજે પાંડવકુમારોના ઉલ્લેખ માત્રથી સૌ વ્યથિત કેમ થઈ ગયા ?

એકમાત્ર કૃષ્ણનો ચહેરો સ્મિતથી વીલસી રહ્યો હતો. એમણે ધીમેથી મારા પિતાના સ્કંધ પર હાથ મૂક્યો, ''ચિંતિત થવાની કોઈ આવશ્યકતા નથી.''

મારા પિતાએ ચકિત થઈ એમની સામે જોયું, ''સત્ય કહું છું'' એમના આટલા શબ્દોમાં જ કોણ જાણે શી શક્તિ હતી કે મારા પિતાએ નમીને એમનાં ચરણ સ્પર્શી લીધાં.

''સમયથી આગળ અને વિધાતાથી વધુ જ્ઞાતા કોણ છે?'' એમણે રહસ્યને વધુ ઘૂંટ્યું, ''રાજ્યકુમારી ઉત્તમ પતિને પામશે. નરશ્રેષ્ઠ સાથે જીવનનાં તમામ સુખો ભોગવવા એમણે જન્મ લીધો છે.'' એમણે મારા પિતાની સામે વધુ રહસ્યમય અને મોહક સ્મિત કર્યું.

એમણે મારા મસ્તક પર ફરી એક વાર હાથ મૂક્યો, યજ્ઞમાંથી ઉત્પન્ન થયેલી દેદિપ્યમાન તેજસ્વિની છો તમે! સ્વયં કલ્યાણી છો, પિતા અને શ્વસુરના કુળનું તેજ તમારાથી વધશે. આ સંસાર તમને સતી કહીને તમારું સન્માન કરશે.''

મારી આંખો ભરાઈ આવી. શું એ જાણતા હતા કે હું તો પ્રતિશોધ લેવા માટે ઉત્પન્ન થઈ છું ? દિવસ રાત્રી મને એક જ વિચાર બાંધી રાખે છે... પ્રતિશોધનો વિચાર ! પિતાના ઋણનો વિચાર ! મારા અસ્તિત્વનો અર્થ કલ્યાણ છે કે વિધ્વંસ !

મારી દૃષ્ટિ હજી પણ એમના ચરણ પર હતી. વિશાલ અને મનોહારી એ ચરણોમાં હું ઝૂકી ગઈ. મારી આંખમાંથી વહી રહેલાં અશ્રુઓમાંથી બે-ચાર એમનાં ચરણોમાં સમાઈ ગયાં.

''સૌભાગ્યવતી ભવઃ... તેજસ્વિની ભવઃ... યશસ્વિની ભવઃ...'' સાંભળીને મારું સમગ્ર અસ્તિત્વ મુખરિત થઈ ગયું. મારી બધી ઝંખનાઓ, કામનાઓ જાણે એ જ ચરણોમાં સમર્પિત થઈ ગઈ.

– **કાજલ ઓઝા વૈદ્ય**, ''દ્રૌપદી''ના રસપ્રદ પ્રકરણનો સાર

## જ્ઞાતિના યુવાનોને સારા જોબ અપાવવા વગદાર સજ્જનનો ઉત્સાહ

મુંબઈ અને બહારગામની કંપનીઓમાં સારી વગ ધરાવતા જ્ઞાતિના એક સજ્જન જ્ઞાતિના યુવાનોને ખાસ કરીને સીવીલ કે મેકેનીકલ એન્જીનિયરોને સારા જોબ અપાવવા સ્વેચ્છાએ જહેમત લેવાના છે. તેઓ ઓછું ભણેલા જ્ઞાતિ યુવાનોને પણ સારા રોજગાર અપાવી શકે તેમ છે. ઈચ્છુક વ્યક્તિઓએ હિરાચંદ દંડનો ઈ-મેલ hirachanddand@gmail.com પર કે ફોન નં 022-6695 7138 પર સવારના ૧૧ થીબપોરના ૨ સુધીસંપર્ક કરવો.


શુભેચ્છા સહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ,

૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઇ-૯.

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

RAJSHREE YOGA & FAT FREE ZONE ®

Weight Management & Yoga Center
Since 1994

## રાજશ્રી યોગા અને ફેટ ફ્રી ઝોન છેલ્લા ૨૦ વર્ષથી શારિરીક તથા માનસિક તંદુરસ્તીના ક્ષેત્રે અપ્રતિમ...

### નામ નહીં કામ બોલે છે


પહેલાં


પછી


પહેલાં


પછી

**પહેલા વજન : 68 kg ★ પછી વજન : 51 kg**

વજન વધારતી વખતે કોઈ સમય જોવાતો નથી, પરંતુ વજન ઘટાડવા માટેનું શુભ મુહુર્ત જલદી આવતું નથી. વિશ્વ માં સ્થુળતાને હવે મહારોગનો દરજ્જો મળ્યો છે. કારણકે મોટા ભાગની બિમારીઓ સ્થુળતાથી આવે છે ઘુંટણ જો વજનના લીધે દુખવા લાગે અને ઓપરેશન આવેતો તેનો ખર્ચ ૨ થી ૪ લાખ થાય છે. અને ઘણી બધી મર્યાદાઓ આવી જાય છે અને વજનને લગતા પ્રશ્નો તો ઉભા જ રહે છે એટલે વજન ઉતારવું એજ હિતાવહ છે **રાજશ્રી યોગા અને ફેટ ફ્રી ઝોન** માં કુદરતી અને વૈજ્ઞાનિક રીતે ગમે તે ઉંમરે વજન ઉતારી શકાય છે. વજન ઉતરી ગયા પછી મેઈનટેઈનનો કોર્સ સાથે જ હોય છે.

Ph:- 93233 33303, 93218 99909, 24104142

**ખાસ નોંધ : અમારા કોઈ આસીસ્ટન્ટ, આમારા દ્વારા તાલીમ લીધેલ કોઈ વ્યક્તિ કે કયાંય બ્રાન્ચ કે ફ્રેન્ચાઈઝી નથી.**
**મેડીકલ ડૉક્ટરનું માર્ગદર્શન ઉપલબ્ધ. એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી.**

૫, ધન બીલ્ડીંગ, પહેલે માળે, દાદા સાહેબ ફાલકે રોડ,
ગાડગે મહારાજ સેનેટોરિયમની સામે ભરતક્ષેત્રની ગલી માં, દાદર (ઇ), મુંબઇ -૪૦૦ ૦૧૪
વેબસાઈટ : www.rajshreeyoga.com E-mail : rajshreeyoga@gmail.com

# સુથરી ગામ જ નહીં અબડાસા પંથકના અધાજી શ્રી ભવાનજી નરશી છેડા

સુથરી ગામ જ નહીં અબડાસા પંથકની જીવનની છેલ્લી કાળજી લેનારા શ્રી ભવાનજી નરશી છેડાએ એમને અપાયેલ અધાજીના ફુલામણા નામને સાર્થક કર્યું.



પિતાજીના દેહાંત પછી બહેને મુંબઈ તેડાવી કેળવ્યા તેનું સવાયું સાટું તેમના પરિવારના વ્યવસાયને અનેક ઘણું વિકસાવી વાળ્યું.

ટોચના ઉદ્યોગપતિ તથા જૈન આગેવાનો સાથે નિકટનો નાતો કેળવ્યો. વહીવટી કુશળતાથી શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટી બન્યા પણ કચ્છને પડકાર પર પડકાર હસતે મુખે ઉપાડી શકે તેવા સબળ નેતૃત્વની વધુ જરૂર છે એવું લાગતા સુથરી અને કચ્છને મુખ્ય કાર્યક્ષેત્ર બનાવ્યું.

કચ્છમાં કામ કરનારા આગેવાનો સમક્ષ કોઈ સૌથી મોટો પડકાર હોય તો તે છે સંસ્થાઓને, ખાસ કરીને પાંજરાપોળને સ્વાવલંબી કેવી રીતે બનાવવી. પોતાની સમસ્ત વહીવટી શક્તિ અને નેતૃત્વશક્તિ કામે લગાડીને અધાજીએ સુથરીમાં આનું એવું મોડલ વિકસાવ્યું કે બધાને કામ લાગે.

કન્યા કેળવણી પ્રત્યે જૂનવાણી માનસ હતું તે જમાનામાં કન્યા કેળવણીમાં માનતા હોવાથી સુથરીમાં શૈક્ષણિક સુવિધા ઊભી કરવાના કામ તરફ આકર્ષાયા અને તે કામ પણ આદર્શ રીતે પૂર્ણ કર્યું.

અધાજીની એક વિશેષતા એ પણ હતી કે પોતે તો મોટી પડકારરૂપ જવાબદારી સ્વીકારી સફળતાપૂર્વક પાર પાડતા જ ગામ - સમાજપાસે એવું કામ કરનારા ઘણા આગેવાનો હોય તે રીતે સતત ક્ષમતાવાળા લોકોને કેળવતા રહ્યા.

અચલગચ્છ અને ગચ્છના ગુરૂદેવો પ્રત્યે અન્ય શ્રધ્ધા, સુથરી મુકામે સ્થિરવાસ રહેલા મ. પૂ. સાધ્વી નરેન્દ્રશ્રીજી મ.સા. અને પૂ. સા. વિદ્યુતપ્રભાશ્રીજી મ.સા. પ્રત્યે અનન્ય આસ્થા. એમના કહેવાથી નવો નક્કર ગોબરગેસ પ્લાન્ટ બંધ કરાવી દીધો અને તેનાથી થતું નુકસાન પોતે ભોગવી લીધું.

જ્યારે ગામ-સમાજ માટે કામ કરનારાઓની સંખ્યા ઘટી રહી છે તે વખતે ખરી જરૂર છે રોલ મોડલ ઊભા કરવાની એ વાત સારી રીતે સમજનારા અધાજી એમણે શરૂ કરાવેલી કુશળ વહીવટીની પદ્ધતિઓ અને કેળવેલા કાર્યકરો રૂપે હંમેશા જીવંત રહેશે.

– **રાજેન્દ્ર મણિલાલ ખોના**, સુથરી-મુલુંડ

**શિક્ષણપ્રેમી અગ્રણી સ્વ. ભવાનજીભાઈ છેડાને સ્મરણાંજલિ**

સુથરી તીર્થના મોવડી ભવાનજીભાઈના સેવાકીય કામોથી ભાગ્યે જ કોઈ જૈન અજાણ હશે. દયાભાવનાની સાથે શિસ્તબદ્ધતા, ઉદારતાની સાથે કરકસર, ગંભીરતાની સાથે હળવી રમૂજ, શ્રીપ્રેમની સાથે સરસ્વતીપ્રેમ જેવા પરસ્પર વિરોધી જણાતા ગુણોનો સમન્વય તેમનામાં હતો. વ્યાપાર, ધર્મ, જ્ઞાતિ, ગામ વગેરે ક્ષેત્રે તેમનું આગવું પ્રદાન રહ્યું છે.

૧૯૭૦ પૂર્વે સુથરી ગામમાં માત્ર પ્રાથમિક શિક્ષણની જ સુવિધા હતી. સાત ધોરણ પછી બાળકો બાળમજૂરીમાં લાગી જતા કે ગામમાં રખડતા. કેટલાક છોકરા કોઈ છાત્રાલયમાં કે નોકરી અર્થે બીજે ચાલ્યા જતા. પણ કિશોરવયની બાલિકાઓનું શું ? આ કન્યાઓને કેળવણી પ્રાપ્ત થાય એ એક માત્ર ઉદ્દેશ સાથે શ્રી ભગવાનજી છેડાએ હાઈસ્કૂલની સ્થાપનામાં રસ લીધેલ. તે જીવનનાં અંત સુધી જાળવી રાખ્યો.

હાઈસ્કૂલનું સંચાલક મંડળ છેલ્લા સાડા ચાર દાયકાથી સુથરી ઉપરાંત આસપાસના આઠેક ગામોના છાત્રોના શિક્ષણ માટે આર્થિક ખોટ વહન કરતું આવ્યું છે. છતાં શિક્ષણયજ્ઞ ચાલુ રાખ્યો છે. જેનો શ્રેય શિક્ષણપ્રેમી ભવાનજીભાઈને ઘટે છે. સુથરી હાઈસ્કૂલના શિક્ષક તેમજ આચાર્ય તરીકેના મારા અઢાર વર્ષના કાર્યકાળ દરમ્યાન મેં અનુભવ્યું તે મુજબ વિદ્યાર્થીઓના હિતમાં થતી કોઈ પણ પ્રવૃત્તિ માટે તેમણે નાણાકીય અવરોધ શાળાને નડવા દીધો નહોતો. સગવડો પણ કેવી ? બધા જ વિદ્યાર્થીઓને દરવર્ષે બે જોડી યુનિફોર્મ, પાઠ્યપુસ્તકો, બસના પાસ વેલ્ફેર ફંડ તરફથી મળે. ઉપરાંત બહારગામથી આવજા કરતા છાત્રોને છેક હમણા સુધી નાસ્તા માટે રોકડ રકમ અને ચોમાસામાં બસવ્યવહાર બંધ હોય ત્યારે હોસ્ટેલની સગવડ ભેદભાવ વિના સૌને મળતી.

અમેરિકાસ્થિત તેમના સુપુત્રી જયાબહેન નાગડાના સહયોગથી વિદ્યાર્થીઓ માટે શાળામાં નેત્રકેમ્પ, જેમાં નિષ્ણાત ડૉક્ટર દ્વારા તપાસ, દવા, ચશ્માથી માંડી જરૂર જણાય તો આંખની હોસ્પિટલમાં ઓપરેશન પર્યંતની સેવા છેલ્લા ત્રણેક વર્ષોને બાદ કરતાં મળતી રહી છે. પરીક્ષામાં ઉચ્ચ ક્રમાંક પ્રાપ્ત છાત્રોને શામજી હંસરાજ ડોસાભાઈ પરિવાર તરફથી શિષ્યવૃત્તિ પ્રદાન થાય છે. તેમની પ્રેરણાથી વૃક્ષારોપણથી લઈ, તેમના જતન સુધીનું કાર્ય પણ ભવાનજીભાઈની પ્રેરણાથી થતું રહ્યું છે.

તેમનું વ્યક્તિત્વ જ એવું કરિશ્માઈ હતું કે તેમની વાતને ભાગ્યે જ કોઈ ઉથાપતું. ગૌરવર્ણના મધ્યમસર બાંધા ઉપર દૂધ જેવાં શ્વેત ધોતિયું, ઝભ્ભો, ટોપી તથા ભરાવદાર મૂછો તેમના શ્રેષ્ઠીપદની ગરિમામાં વૃદ્ધિ કરતા.

તેમની વિદાયથી સુથરી હાઈસ્કૂલે શિક્ષણપ્રેમી, જૈન સમાજે ધર્મપ્રેમી અને ગામે એક અગ્રણી ગુમાવ્યો છે.

– **રવિ પેથાણી** 'તિમિર'

**લગ્ન સંબંધી**

**મુંબઈમાં રહેતી અને મલ્ટીનેશનલ કંપનીમાં જૉબ કરતી ૫ ફુટ ૨ ઇંચ ઉંચાઈ ધરાવતી C.A. કન્યા માટે સારું ભણેલ મુંબઈમાં વેલસેટલ યોગ્ય પાત્ર પાસેથી લગ્ન વિષયક પુછપરછ આવકાર્ય. કન્યા માંગલિક છે અને કુટુંબ કુંડલીમાં માને છે.**

**ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ**

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) ● કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551

**યુ. કે. ખીમજી એન્ડ કાું.** હળદર - જનરલ વ્યાપારી

વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

।। જય શ્રી ભલારા દાદા ।।

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - રવા

દ્વારા આયોજિત

# સ્નેહ મિલન - ૨૦૧૫

**આમંત્રણ**

સ્નેહ મિલન પ્રસંગે સર્વે ગામવાસીઓ તથા નિયાણી બહેનોને પધારવા ભાવભર્યું આમંત્રણ

**રવિવાર, તા. ૧૧.૧૦.૨૦૧૫** — **સ્થળ** — **સમય : બપોરે ૩.૩૦ થી ...**

**શેઠશ્રી નરશી નાથા સભાગૃહ**
અનંત સિદ્ધી, એલ. બી. એસ. માર્ગ, ભાંડુપ (પશ્ચિમ), મુંબઇ – ૪૦૦ ૦૭૮.

**કાર્યક્રમની રૂપરેખા :**

૧. તપસ્વીઓનું બહુમાન
૨. ઉચ્ચ ક્રમાંકે પાસ થયેલ વિદ્યાર્થીઓનું બહુમાન
૩. વિવિધ ક્ષેત્રે સફળતા મેળવનારનું બહુમાન
૪. પરિચય તથા સાંસ્કૃતિક કાર્યક્રમ
૫. ચૌવિહાર

**નોંધ :**

૧. તપસ્વીઓના નામ
૨. વિદ્યાર્થીઓના રીઝલ્ટની ઝેરોક્ષ કોપી તેમજ
૩. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનારે
તા. ૨૫.૦૯.૨૦૧૫ સુધી મોકલવા નમ્ર વિનંતી.

**સંપર્ક**

| | | |
|---|---|---|
| શ્રી કલ્પેશ મહેન્દ્ર લોડાયા<br>9833962299 | શ્રી અનુજ ગિરીશ લોડાયા<br>9579787800 | શ્રી હિતેન (રાજન) બદ્રીકાંત લોડાયા<br>9167001975 |

લિ. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન–રવા વતી
શ્રી કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા – પ્રમુખશ્રી


Since 1984...
**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

રીયલ બટ કસબની સાડી બોર્ડર પીટ્ટા તાર ભરતની સાડી
કસબ અને જીક કસબની સાડી પારસી વર્ક
બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
પાનેતર બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની
ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
**Mob. : 7666688881**

ગુરૂવાર બંધ



ફોટોગ્રાફી વ્હીડીયો શુટીંગ અને એડિટીંગ ઓછા બજેટે શ્રેષ્ઠ કામ
કચ્છ વાગડના હૈયે હોઠે છે નામ



**ULTIMATE WEDDINGS**

Low Budget Cost For Drarmik Function

Traditional Photography, Video
Jimmy Jib
Candid Video And Photos
Pre Wedding Shoots
Plasma Tv, Led
Multi Camera Mixer Setup
Documentary And Short Films
Aerial Photography (helicam)
Specially For Pre Wedding Shoots
Multiple Camera Recording

**INTRODUCTION OFFER.**
**PHOTO AND VIDEO SHOOTING ONLY RS. 13000/-**

**SPECIAL PRICE FOR 2 CAMERA MIXER SETUP ONLY RS.25000/-**

Contact - Eliza nagda - +91 98922 32400
Elizajumani@gmail.com • www.Ultimateweddings.in

## આરોગ્ય પ્રકાશ : કસરત - નિરોગી રહેવાની ચાવી - ભાગ ૩

- ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 9757303562 / 7069621931

કસરત કરવાથી ફાયદો જ છે નુકસાન નહીં એમ આજે મેગેઝીન, ટીવી, છાપામાં આવે છે, એ સૌ જાણે છે પણ માનવીની પ્રકૃતિ છે કે જે સહેલાઈથી રાખે અને ફાયદો કરે તેવી શરીરની બાબતનો અમલ કરવો નહીં. કસરત કરવાથી ચેપી રોગ ન થાય (પ્રતિકાર શક્તિ વધે) વજન કન્ટ્રોલમાં રહે, હાઈ બી.પી., ડાયાબિટીજ દૂર રહે, હાર્ટ એટેક ન આવે, હાડકાં-સાંધા-સ્નાયુઓ મજબુત રહે. શરીર સુડોળ રહે. આંખ-કાન મોટી ઉંમરે પણ બરાબર કામ કરે, મોતિયો, ઝામર જલ્દી ન થાય, રોજીંદી ક્રિયાઓ સારી રીતે થાય, કેન્સરનું જોખમ ઘટે, હાઈપો થાઈરોઈડ થવાની શક્યતા ઘટે, મગજને લોહી વધુ મળવાથી યાદશક્તિ સારી રહે, મુડ સારો રહે, આત્મવિશ્વાસ વધે વગેરે... અનેક ફાયદા થાય છે.

જુના જમાનામાં કોઈ કસરત નહોતા કરતા કારણ કે ત્યારે લોકો કુવે પાણી ભરવા જતા, ખેતરે ચાલીને જતા, ખેતી કરતાં વગેરે. ઘરના હોય કે બહારના બધા કામ હાથે કે પગે (ચાલીને) કરતા એટલે કસરતની જરૂર નહોતી - કસરત આપોઆપ થઈ જતી. હવે મશીન, વાહનો વગેરેને લીધે જીવન શારીરિક મહેનત વગરનું થઈ ગયુ છે અને એટલે કસરત જરૂરી છે. અમુક બાબતે થશે કે કસરત નહીં કરીશું તો આયુષ્ય ઓછુ થશે, થોડા વહેલા મરીશું એટલું જને એમની દૃષ્ટિએ એ ભલે ખરા હશે પરંતુ પાછલી ઉંમર બિમારીઓ, શારીરિક તકલીફો, ગોળીઓ, ટેસ્ટો વગેરેના સહારે જીવવું, ભગવાન ન કરે ને એવી કોઈ બિમારી લાગે અને તકલીફમાં છેલ્લાં દિવસો જાય-કોઈના ઓશિયાળા બનવું પડે, આવો ભય નિયમિત કસરત કે મહેનતનું કામ કરનારને નથી હોતો.

કસરત નહીં કરવાનું મુખ્ય મોટું બહાનું વહેલા નથી ઉઠાતું- સમય નથી મળતો એ છે. આ મનોબળનો પ્રશ્ન છે. મક્કમ નિશ્ચય કરી ટાઈમસર સુઈ, એલાર્મ મુકી અથવા ઘરના કોઈને કહી વહેલા ઉઠીએ. શરૂમાં આકરું લાગશે પણ એક વાર ટેવ પડશે પછી આળસ કે કંટાળો નહીં આવે. નિયમિત કસરત કરતા હોય એવા કોઈ મિત્રની મદદ લ્યો. એ કસરતમાં કંપની આપશે, આમાં ઉંમર વચ્ચે નથી આવતી. આપણાથી નાની કે મોટી ઉંમરના કોઈપણ કસરત કરનારને આદર્શ માની એની મદદ લ્યો.

ભૂખ્યા પેટે કસરત કરવી નહીં, કારણ કે તેથી શરીરમાં કાર્બોહાઈડ્રેટનું પ્રમાણ ઘટે છે અને બહુ થાક લાગે છે. કસરત પહેલા એકાદ કલાકે હળવે નાસ્તો કે એકાદ ફળ કે ૮ થી ૧૦ દાણા સૂકો મેવો લેવા. શક્ય હોય તો લીંબુ સરબત લેવું. ડાયાબિટીઝવાળાએ મીઠા ફળ-સાખર ન લેવા. કસરત કરીએ ત્યારે શરીરમાં કાર્બોહાઈડ્રેટ ઓછા હોય ત્યારે શરીર જરૂરી કેલેરી સ્નાયુમાંથી મેળવે છે એથી સ્નાયુનો ટોન ઓછો થાય, ચયાપચયની ક્રિયા ધીમી પડે અને કસરત કર્યા જે તાજગી આવવી જોઈએ તે આવતી નથી અને સાવ ચરબી ઓછી નથી થતી અને જાડાપણુ દૂર નથી થતું માટે થોડો હળવો નાસ્તો કરીને જ કસરત કરવી. કસરત કરી લીધા પછી તરત જ કશું ખાવું નહીં. ઓછામાં ઓછા ૨ કલાક પછી ખાવુ જોઈએ.

જે વ્યક્તિ રોજની ૧૫ મિનિટ કસરત કરે છે તે જે બિલ્કુલ કસરત નથી કરતા એમના કરતાં મૃત્યુના જોખમાં ૧૪.૮ નો ઘટાડો થાય છે. શરીર કરતાં મનને કસરત માટે કેળવવાની જરૂર છે. ફીટનેસ એ શરીરને કેળવવા કરતાં મગજને કેળવવાની જરૂર છે. જ્યાં સુધી મગજ કસરત માટે તૈયાર નહીં હશે ત્યાં સુધી આપણું શરીર કસરતનો પ્રતિકાર કરશે માટે મન-મગજથી કસરત માટે તૈયાર રહો અને મનમાં ગાંઠ વાળીએ કે મારે કસરત કરવી જ છે તો એનો વધુ ફાયદો થશે. ડેનીશ અભ્યાસ કહે છે કે દિવસમાં ૧ કલાક કસરત કરવાથી એનો વધુ ફાયદો થશે. વધુ વજન ઘટાડો થાય છે.

અભ્યાસમાં જણાયું કે ટુંકા ગાળાની કસરત કરવાવાળી વ્યક્તિમાં વધુ શક્તિ અને હેલ્થી જીવનશૈલી જીવવાનું મોટીવેશન વધુ હોય છે.

ક્રમશઃ

## લોગો સંદેશ

amazon.com

બહુ પરિચીત એવી એમેઝૉન ડૉટ કૉમના આ લોગોમાં એક તીર છે જે એવી રીતે ગાઠવાયેલું છે કે કોઈ હસમુખ વ્યક્તિની યાદ અપાવે જેને અર્થ એ કે એમેઝૉન કં. પોતાના ગ્રાહકોને હમેશા ખુશ જોવા માંગે છે. એ પણ ધ્યાનમાં આવશે કે તે તીર અંગ્રેજી બારાખડીના પ્રથમ શબ્દ એ થી શરૂ થાય છે અને છેલ્લા શબ્દ ઝેડ પર પુરું થાય છે. તેને અર્થ એવો છે કી આ કંપની બધીજ આઈટમો વેચવાને પોતાનો અધિકાર સમજે છે.

જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
જરી ભરતકામવાળી સાડી, ચણીયા ચોળી, હેંડ તથા મશીનવર્ક સાડીઓ, બાંધણી - ઘરચોળા કસબ, કટવર્ક, જરદોશી વર્કની બોર્ડરો તથા બ્લાઉઝ.
જ્યોતિ હવે માટુંગામાં જ !
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.),કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574

સરગમ વોટર પાર્ક - પ્યોર વેજ જૈન ફૂડ
પ્રતિ વ્યક્તિ રૂા. ૬૫૦
ટાઈમ સવારે ૯ થી સાંજે ૬, સવારે નાસ્તો, બપોરે લંચ, સાંજે ડીનર, ૩.૩૦ થી ૪.૩૦ ચા-કોફી - આઈસ ગોલા, ૩ સ્વીમીંગ પુલ, ૮ સ્લાઈડ, ડી.જે., રેઈન ડાન્સ, MPWS બેસવા માટે નાના મોટા હોલ, ૬૦૦૦ સ્કે. ફીટનો સ્ટેજ સાથેનો હોલ ખુરશી સાથે. લોકર, ખાટલા, એ.સી. રૂમ ભાડાથી. ગ્રુપ માટે ડીસ્કાઉંટ. કામણ જૈન મંદિરથી ૩ કિ.મી., ભજનલાલ ડેરીથી ૯ કિ.મી., દહીંસરથી ૨૧ કિ.મી., ભિવંડીથી ૧૪ કિ.મી. વિલેજ નાગલે, ચિંચોટી કામણ ભિવંડી રોડ, ઓનલી જેન્ટસ ગ્રુપ નોટ અલાઉડ.
સંપર્ક : 9324304333 રમેશ માણેક ગાલા (ગઢશીશા).
Website : www.sargamwaterpark.com

# શ્રી વીરજી લધાભાઈ
# કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ

## ડોનેશન સ્કિમસ્ઃ

તા. ૨૧/૦૮/૨૦૧૫

પ્રિય જ્ઞાતિજનો/શિક્ષણપ્રેમીઓ,

જય જિનેન્દ્ર,

**બાબત : આપણી બોર્ડીંગના પૂનઃસર્જનમાં સહભાગી થવાની સુવર્ણતક / અપીલ**

વિદ્યાર્થીગૃહના મકાનનું બાંધકામ લગભગ પૂર્ણ થવામાં છે. આવતા સત્રથી વિદ્યાર્થીઓ નવા મકાનમાં રહી અભ્યાસ કરી શકશે. આ સંસ્થા છેલ્લા એકસો દસ વર્ષથી જ્ઞાતિમાં શિક્ષણપ્રસાર કરવામાં સતત સહયોગ આપતી રહી છે. જ્ઞાતિના દરેક ઘરના સભ્ય અથવા સગાવહાલાઓએ આ સંસ્થાનો લાભ લીધો હશે અને આખી જ્ઞાતિને શિક્ષિત કરવામાં સંસ્થાનો જબરદસ્ત ફાળો રહ્યો છે તે બેમત છે. વિદ્યાર્થીગૃહનું નવું મકાન પૂર્ણ થતા બીજા સો વર્ષ સુધી આ સંસ્થા થકી શિક્ષણક્ષેત્રે આપણે હજી જે જે ઘરે નથી પહોંચી શક્યા તે ૨૫ થી ૩૦ ટકા જ્ઞાતિજનોના સંતાનો પણ ઉચ્ચ શિક્ષણ મેળવી સમૃદ્ધ જીવન જીવી શકશે અને 'શિક્ષિત અને સમૃદ્ધ' જ્ઞાતિનું આપણું લક્ષ્ય પુરું થશે.

જ્ઞાતિનું એક એક ઘર આ સ્કીમો મુજબ અથવા સ્કીમ સિવાય પોતાની શક્તિ મુજબ દાન આપી જ્ઞાતિને શિક્ષત અને સમૃદ્ધ બનાવવા પોતાનું યોગદાન આપે એ દરેકની ફરજ છે.

સંસ્થાને આપવાના દાનની સ્કીમો જે આ પહેલા જાહેર કરેલી તેમાં થોડો ફેરફાર કરેલ છે. આ ફેરફાર સ્કીમ નંબર ૧ થી ૭ નંબરની સ્કીમોમાં છે જ્યારે સ્કીમ નંબર ૨ નવી ઉમેરેલ છે.

આશા રાખીએ છીએ કે જ્ઞાતિજનો તન, મન, ધનથી આ પ્રોજેક્ટને સહકાર આપી સમાજ પ્રત્યેનું ઋણ જરૂરથી અદા કરશે.

**શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ વતી,**

**શીવજી કુંવરજી વિકમશી** – મેનેજીંગ ટ્રસ્ટી

## ડોનેશન સ્કિમસ્ઃ

**૧) રૂ. દસ કરોડનું દાન આપતા દાતા અર્થે : (મુખ્ય દાતા)**

a) સંપૂર્ણ સંકુલને દાતાનું નામ આપવું જેમકે અ,બ,ક, કે.ડી.ઓ. જૈન એજ્યુકેશનલ કેમ્પસ તેમજ દાતાના નામને રોડ તરફના મુખ્ય પ્રવેશ દ્વાર પર સુંદર રીતે કંડારવું.

b) શેઠશ્રી વીરજી લધાભાઈ અને શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈની પ્રતિમાની સાઈઝ મુજબની દાતાએ સુચવેલ ચાર વ્યક્તિઓની અર્ધ પ્રતિમા બેસાડવામાં આવશે.

c) સંકુલમાં કાર્યરત ટ્રસ્ટો જેવા કે શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ, શ્રી સી.ડી.ઓ. જૈન શિક્ષણપ્રસારક સમિતિ ટ્રસ્ટ, શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન કન્યાછાત્રાલય, શ્રી સી.ડી.ઓ. જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટની વપરાતી સ્ટેશનરી પર સંકુલને આપેલ દાતાનું નામ સંસ્થાના એડ્રેસ સાથે પ્રિન્ટ કરવામાં આવશે.

d) ટ્રસ્ટીઓએ નક્કી કર્યા મુજબ સંકુલમાં યોગ્ય જગ્યાએ મૂકાયેલ આરસની તક્તિ પર રૂ. ૧ કરોડ કે તેથી વધુ રકમના દાતાઓના નામ લખવામાં આવશે, તેમાં આ દાતાનું નામ અગ્રસ્થાને લખવામાં આવશે.

## ૨) રૂ. દસ કરોડનું દાન આપતા દાતા અર્થે : (મુખ્ય દાતા)

a) શેઠશ્રી વીરજી લધાભાઈ અને શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈની પ્રતિમાની સાઈઝ મુજબની દાતાએ સુચવેલ ચાર વ્યક્તિઓની અર્ધ પ્રતિમા બેસાડવામાં આવશે.

b) ટ્રસ્ટીઓએ નક્કી કર્યા મુજબ સંકલમાં યોગ્ય જગ્યાએ મૂકાયેલ આરસની તક્તિ પર રૂ. ૧ કરોડ કે તેથી વધુ રકમના દાતાઓના નામ લખવામાં આવશે, તેમાં આ દાતાનું નામ અગ્રસ્થાને લખવામાં આવશે.

c) કામાલેન તેમજ કિરોલ તરફ પડતા મકાનની ત્રીજા માળથી પાંચમાં માળ સુધીની બંન્ને દિવાલ પર કોઈ પણ એક માળને દાતાનું નામ આપવામાં આવશે. પ્રથમ મળેલ ડોનેશનના દાતાનું નામ ત્રીજા માળની દિવાલ ઉપર તેમજ ત્યાર પછી મળેલ ડોનેશનના દાતાનું નામ ત્યાર પછીના માળના ચડતા ક્રમમાં આપવામાં આવશે.

## ૩) ઉપર જણાવેલ રકમ બે દાતાઓ પાસેથી સંયુક્તપણે મળે તો (મુખ્ય દાતા)

a) સ્કીમ ૧ (a)માં દર્શાવ્યા મુજબ, સંપૂર્ણ સંકુલને બંન્ને દાતાઓના સંયુક્ત રીતે નામ આપવામાં આવશે.

b) સ્કીમ ૧ (b)માં સુચવ્યા મુજબ, પ્રત્યેક દાતઓએ સુચવેલ પોતાની બે વ્યક્તિઓની શેઠશ્રી વીરજી લધાભાઈ અને શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈની પ્રતિમાની સાઈઝ મુજબની અર્ધપ્રતિમા મુકવામાં આવશે.

c) સંકુલમાં કાર્યરત ટ્રસ્ટો જેવા કે શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ, શ્રી સી.ડી.ઓ. જૈન શિક્ષણપ્રસારક સમિતિ ટ્રસ્ટ, શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન કન્યાછાત્રાલય, શ્રી સી.ડી.ઓ. જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટની વપરાતી સ્ટેશનરી પર સંકુલને આપેલ દાતાઓનું નામ સંસ્થાના એડ્રેસ સાથે પ્રિન્ટ કરવામાં આવશે.

d) ટ્રસ્ટીઓએ નક્કી કર્યા મુજબ સંકુલમાં યોગ્ય જગ્યાએ મૂકાયેલ આરસની તક્તિ પર રૂ. ૧ કરોડ કે તેથી વધુ રકમના દાતાઓના નામ લખવામાં આવશે, તેમાં આ દાતાઓના નામ અગ્રસ્થાને લખવામાં આવશે.

## ૪) રૂ. પાંચ કરોડ નું દાન આપતા દાતા અર્થે : (વિશિષ્ટ-સહાયક દાતા) :

a) દાતાએ સૂચવેલ પોતાની બે વ્યક્તિઓની શેઠશ્રી વીરજી લધાભાઈ અને શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈની પ્રતિમાની સાઈઝ મુજબની અર્ધપ્રતિમા મુકવામાં આવશે.

b) ટ્રસ્ટીઓએ નક્કી કર્યા મુજબ સંકુલમાં યોગ્ય જગ્યાએ મૂકાયેલ આરસની તક્તિ પર રૂ. ૧ કરોડ કે તેથી વધુ રકમના દાતઓના નામ લખવામાં આવશે, તેમાં આ દાતાનું નામ અગ્રસ્થાને લખવામાં આવશે.

c) કામાલેન તેમજ કિરોલ રોડ તરફ પડતા મકાનની ત્રીજા માળથી પાંચમાં માળ સુધીની બંન્ને દિવાલ પર કોઈ પણ એક માળને દાતાનું નામ આપવામાં આવશે. પ્રથમ મળેલ ડોનેશનના દાતાનું નામ ત્રીજા માળની દિવાલ ઉપર તેમજ ત્યાર પછી મળેલ ડોનેશનના દાતાનું નામ ત્યાર પછીના માળના ચડતા ક્રમમાં આપવામાં આવશે.

## ૫) રૂ. અઢી કરોડનું દાન આપતા દાતા અર્થે : (સહાયક દાતા)

a) દાતાએ સુચવેલ પોતાની બે વ્યક્તિઓની અર્ધપ્રતિમા ડાઈનીંગ હોલમાં મુકવામાં આવશે.

b) કામાલેન અથવા કિરોલ રોડ તરફ પડતા મકાનની છઠ્ઠા અને સાતમાં માળની કોઈ પણ એક દિવાલ પર કોઈ પણ એક માળને દાતાનું નામ આપવામાં આવશે. પહેલા મળેલ ડોનેશનના દાતાનું નામ છઠ્ઠા માળની દિવાલ ઉપર તેમજ ત્યાર પછી મળેલ ડોનેશનના દાતાનું નામ સાતમાં માળની દિવાલ પર આપવામાં આવશે.

c) ટ્રસ્ટીઓએ નક્કી કર્યા મુજબ સંકુલમાં યોગ્ય જગ્યાએ મૂકાયેલ આરસની તક્તિ પર રૂ. ૧ કરોડ કે તેથી વધુ રકમના દાતાઓના નામ લખવામાં આવશે, તેમાં આ દાતાનું નામ અગ્રસ્થાને લખવામાં આવશે.

### ૬) રૂ. એક કરોડનું દાન આપતા દાતા અર્થે : (વિશિષ્ટ આધાર સ્થંભ)

a) દાતાએ સુચવેલ પોતાની એક વ્યક્તિની અર્ધપ્રતિમા ડાઈનીંગ હોલમાં મુકવામાં આવશે.
b) ટ્રસ્ટીઓએ નક્કી કર્યા મુજબના કોઈ પણ એક માળની અંદરની બાજુ દાતાનું નામ આપવામાં આવશે.
c) ટ્રસ્ટીઓએ નક્કી કર્યા મુજબની યોગ્ય જગ્યાએ મૂકાયેલ આરસની તક્તિ પર દાતાનું નામ લખવામાં આવશે.

### ૭) એકાવન લાખનું દાન આપતા દાતા અર્થે : (આધાર સ્થંભ)

ટ્રસ્ટીઓએ નક્કી કર્યા મુજબના કોઈ પણ એક માળની અંદરની બાજુમાં અડધી વિંગને દાતાનું નામ આપવામાં આવશે.

### ૮) એકાવન લાખનું દાન આપતા દાતા :

a) મલ્ટી પરપસ રૂમને દાતાનું નામ આપવું b) એડમીન. ઓફિસને દાતાનું નામ આપવું

### ૯) એકત્રીસ લાખનું દાન આપતા દાતા :

a) સ્પોર્ટસ રૂમને દાતાનું નામ આપવું b) ડાઈનિંગ હોલને દાતાનું નામ આપવું
c) કોન્ફરન્સ રૂમને દાતાનું નામ આપવું

### ૧૦) પચ્ચીસ લાખનું દાન આપતા દાતા : (શુભેચ્છક દાતા)

ટ્રસ્ટીઓએ નક્કી કર્યા મુજબની યોગ્ય જગ્યાએ મૂકાયેલ આરસની તક્તિ પર દાતાનું નામ લખવામાં આવશે.

### ૧૧) એકવીસ લાખનું દાન આપતા દાતા :

a) ગૃહપતિના બ્લોકને દાતાનું નામ આપવું (બ્લોક ની સંખ્યા ૨) b) રસોડાને દાતાનું નામ આપવું
c) લાઈબ્રેરીને દાતાનું નામ આપવું d) મિટીંગ રૂમને દાતાનું નામ આપવું

### ૧૨) પંદર લાખનું દાન આપતા દાતા :

a) પેસેન્જર લિફ્ટમાં અંદરની બાજુ દાતાનું નામ આપવું – (લિફ્ટની સંખ્યા – ૨)
b) ગરમ પાણીની સુવિધા અર્થે લગાડવામાં આવનાર સોલાર સિસ્ટમને દાતાનું નામ આપવું
c) જીમનેશ્યિમ રૂમને દાતાનું નામ આપવું.

### ૧૩) અગિયાર લાખનું દાન આપતા દાતા :

a) ટ્રસ્ટીઓએ નક્કી કર્યા મુજબ મકાનમાં આવેલ વિદ્યાર્થીઓને રહેવાના કોઈપણ એક રૂમને દાતાનું નામ આપવું – (રૂમોની કુલ સંખ્યા ૩૯)
b) કાર લિફ્ટમાં અંદરની બાજુ દાતાનું નામ આપવું – (લિફ્ટની સંખ્યા ૨)
c) સીસીટીવી કેમેરા સિસ્ટિમને દાતાનું નામ આપવું d) ટ્યુશન રૂમને દાતાનું નામ આપવું
e) કોમ્પ્યુટર રૂમને દાતાનું નામ આપવું

### ૧૪) સાડા સાત લાખનું દાન આપતા દાતા :

a) અનાજ રાખવાના સ્ટોર રૂમને દાતાનું નામ આપવું b) એડમીન કેબીનને દાતાનું નામ આપવું

### ૧૫) પાંચ લાખનું દાન આપતા દાતા :

વિદ્યાર્થીઓના વપરાશ અર્થેની પેન્ટ્રી કમ વોશીંગ રૂમને દાતાનું નામ આપવું (સંખ્યા ૪)

### ૧૬) ડોનેશન સ્કીમ સંબંધી સર્વે સત્તા ટ્રસ્ટીઓ હસ્તક રહેશે.

**શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ વતી –**
**શીવજી કુંવરજી વિકમશી – મે. ટ્રસ્ટી**

**નોંધ :** ડાઈનીંગ હોલ • એડમીન. ઓફિસ • લાયબ્રેરી • કોમ્પ્યુટર રૂમ • મિટીંગ રૂમ • કોન્ફરન્સ રૂમ • ચારે પેન્ટ્રીસ • એક પેસેન્જર • એક કાર લિફ્ટ • જીમ્નેશિયમ રૂમ અર્થે ડોનેશન મળેલ છે.

## પ્રથમ પુણ્યતિથિએ
## હાર્દિક શ્રદ્ધાંજલી
